# દક્ષિણ આફ્રિકા ઉપર ભારતની શાનદાર જીત

## શિખર ધવને ૧૪૬ બોલમાં શાનદાર ૧૩૭ રન ફટકાર્યા : આફ્રિકા માત્ર ૧૭૭ રનમાં ઓલઆઉટ

મેલબોર્ન,તા. ૨૨

મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આજે રમાયેલી ગ્રુપ બીની મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકા ઉપર શાનદાર જીત મેળવીને તેની સતત બીજી જીત મેળવી હતી. આજની મેચનું મુખ્ય આકર્ષણ શિખર ધવનની શાનદાર બેટિંગ રહી હતી. ધવને ૧૬ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૧૩૭ રન કર્યા હતા જ્યારે રહાણેએ ૬૦ બોલમાં ૭૯ રન કર્યા હતા. જ્યારે કોહલીએ ૬૦ બોલમાં ૪૬ રન કર્યા હતા. ભારતે નિર્ધારિત ૫૦ ઓવરમાં સાત વિકેટે ૩૦૭ રન કર્યા હતા. આફ્રિકાના બોલરોનો ફ્લોપ શો રહ્યો હતો. જીતવા માટેના ૩૦૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતા આફ્રિકાએ નિયમિત ગાળામાં વિકેટો ગુમાવી હતી. આફ્રિકા તરફથી પ્લેસીસે સૌથી વધુ ૫૫ રન કર્યા હતા. જ્યારે કેપ્ટન ડિવિલિયર્સ ૩૦ રન બનાવી રનઆઉટ થતાં આફ્રિકાના પડકારનો અંત આવી ગયો હતો. ભારત તરફથી બોલિંગમાં પણ તમામ બોલરો અસરકારક રહ્યા હતા. મોહમ્મદ સામી અને શર્માએ બે બે વિકેટ ઝડપી હતી જ્યારે અશ્વિને ૪૧ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. આજની મેચમાં શાનદાર દેખાવ કરવા બદલ શિખર ધવનની મેન ઓફ દ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો અને તેની યોજના શરૂઆતમાં યોગ્ય દેખાતી ન હતી કારણ કે રોહિત શર્મા શૂન્ય રને આઉટ થયો હતો.

શરૂઆતમાં ભારતે ખુબ ધીમી બેટિંગ કરી હતી. મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર આજે ૭૦૦૦૦ની આસપાસ ચાહકો ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લે આફ્રિકા ઉપર ભારતે આ મેચ ૧૩૦ રને જીતી લીધી હતી. વર્લ્ડકપમાં ભારતની આ પ્રથમ જીત આફ્રિકા સામે હતી. અગાઉ વર્લ્ડકપમાં ત્રણેય મેચમાં ભારતની હાર થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આફ્રિકાને હાર આપતા પહેલા ભારતે ૧૫મી ફેબ્રુઆરીએ એડિલેડ ઓવલ ખાતે રમાયેલી વિશ્વકપ મહાસંગ્રામની ગ્રુપ બીની આ મેચમાં પાકિસ્તાન ઉપર ૭૬ રને જીત મેળવીને વર્લ્ડકપમાં શાનદાર શરૂઆત કરી દીધી હતી. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વર્તમાન ચેમ્પિયન ભારત કપને જાળવી રાખવા માટે સજ્જ છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં ૨૩ વર્ષ બાદ વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે. રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે.

૧૪ ટીમોની સાથે સાથે ૪૦૦ એક્રીડેટેડ ખેલાડી અને અધિકારીઓ આમાં ભાગ લઈ રહ્યા છે. ૨૦૧૧માં પણ ૧૪ ટીમોએ ભાગ લીધો હતો. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઇનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. જે વર્ષ ૨૦૧૧માં રમાયેલા છેલ્લા વર્લ્ડ કપ કરતા ૨૦ ટકા વધારે ઇનામી રકમ છે. ટીમના દેખાવ મુજબ ઇનામી રકમ મળશે. આફ્રિકાએ તેની છેલ્લી સાત વિકેટ માત્ર ૪૪ રનમાં ગુમાવી દીધી હતી અને શક્તિશાળી ગણાતી ટીમ માત્ર ૪૦.૨ ઓવરમાં ઓલઆઉટ થઈ હતી.






## બોલિંગ, ફિલ્ડિંગ, બેટિંગમાં આફ્રિકાનો કંગાળ દેખાવ

મેલબોર્ન,તા. ૨૨

મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર આજે રમાયેલી મેચમાં ભારતીય ટીમે દરેક ક્ષેત્રમાં ઘણી ગણાતી આફ્રિકા કરતા વધુ સારો દેખાવ દરેક ક્ષેત્રમાં કર્યો હતો. આફ્રિકન ફિલ્ડિંગ પણ આજે એવા સ્તરની રહી ન હતી જેવા સ્તર માટે જાણિતી રહી છે. મેલબોર્નમાં ભારતીય ટીમે આજે આફ્રિકાને બોલિંગ, બેટિંગ અને ફિલ્ડિંગ ત્રણેયમાં પછડાટ આપી હતી. ભારતીય બેટિંગ ઓર્ડરમાં ટોપ આર્ડરના બેટ્સમેનોએ શાનદાર બેટિંગ કરી હતી જેમાં શિખર ધવન, વિરાટ કોહલી અને રહાણે છવાઈ ગયા હતા. શિખર ધવને શાનદાર સદી ફટકારી હતી જ્યારે રહાણે આજે અસલ રંગમાં દેખાતો હતો. રહાણેએ સૌથી ઝડપી બેટિંગ કરી હતી. જો કે, તે કમનસીબરીતે ૭૯ રને આઉટ થઈ ગયો હતો. તે ઝડપથી સદી તરફ વધી રહ્યો હતો. ધવન ૧૩૭ રન કરી આઉટ થયો હતો જ્યારે કોહલી ૪૬ રન કરી આઉટ થયો હતો. ભારતીય છાવણીમાં એ વખતે સોપો પડી ગયો હતો જ્યારે રોહિત શર્મા ખાતુ ખોલ્યા વગર આઉટ થયો હતો. આ ઉપરાંત નિર્ણાયક ઓવરમાં આજે પણ ભારતે અપેક્ષા કરતા ઓછા રન બનાવ્યા હતા અને વિકેટો પણ ગુમાવી હતી. આજે ફરી એકવાર ભારત તરફથી છેલ્લી ઓવરમાં રૈના, જાડેજા, ધોની સસ્તામાં આઉટ થયા હતા. શરૂઆતમાં ધીમી બેટિંગ બાદ ભારતીય બેટ્સમેનોએ ઝડપથી રન કર્યા હતા. તીવ્ર ગરમી વચ્ચે પણ ભારતીય બેટ્સમેનોએ ઉત્કૃષ્ઠ બેટિંગ કરી હતી. જો કે, છેલ્લી પાંચ ઓવરમાં ભારતે કંગાળ રમત રમતા જુમલો અપેક્ષા કરતા ઓછો રહ્યો હતો. ભારત તરફથી આજે રહાણે સૌથી ધરખમ ફોર્મમાં દેખાયો હતો. જ્યારે આફ્રિકા તરફથી તેના સ્ટાર ખેલાડીઓ વહેલી તકે આઉટ થયા હતા. જેમાં અમલા, કોક, મિલર, ડ્યુમિની અને પાર્નેલનો સમાવેશ થાય છે. આફ્રિકાની ફિલ્ડિંગ પણ ભારતીય ફિલ્ડિંગ કરતા નબળી રહી હતી અને કેટલાક કેચો ગુમાવ્યા હતા.

## પિતાની ફિલ્મમાં પણ કામ કરવાનુ સ્વપ્ન છે : આલિયા


મુંબઇ,તા. ૨૨

કરણ જોહરની યાદગાર ફિલ્મ સ્ટુડન્ટ ઓફ ધ યર મારફતે કેરિયરની શરૂઆત કર્યા બાદ ભારે લોકપ્રિયતા હાલમાં મેળવનાર અભિનેત્રી આલિયા ભટ્ટે કહ્યું છે કે તે પિતા મહેશ ભટ્ટની ફિલ્મમાં કામ કરવાનુ સ્વપન્ન ધરાવે છે.તેનુ કહેવુ છે કે તે એક કુશળ અભિનેત્રી તરીકે ઉભરી આવવા માટે તમામ પ્રયાસ કરી રહી છે. હાલમાં તેની ફિલ્મ હાઇવે રજૂ થઇ હતી. જેને બોક્સ ઓફિસ પર સરેરાશ જ સફળતા મળી હતી પંરતુ તેની એક્ટિંગ કુશળતાની ભારે પ્રશંસા થઇ હતી. તેની સાથે તમામ નિર્માતા નિર્દેશક હવે કામ કરવા માટે ઇચ્છક દેખાઇ રહ્યા છે. આલિયાએ કહ્યું છે કે તે પોતાની ભૂમિકાને ન્યાય આપવા માટે તમામ પ્રયાસ કરે છે. આલિયાએ પોતાની પ્રથમ ફિલ્મમાં એન્ટ્રી અંગે વાતચીત કરતા કહ્યું છે કે ૪૦૦ યુવતિના ટેસ્ટ લેવામાં આવ્યા બાદ તેની પસંદગી કરવામાં આવી હતી. આન કારણે તેનામાં આત્મવિશ્વાસ વધી ગયો હતો. આલિયાએ એવી કબુલાત પણ કરી છે કે તેને તેની ફિલ્મ હાઇવે ખુબ પસંદ પડી હતી. તેના માટ આ એક ઇમોશનલ ફિલ્મ હતી. આ ફિલ્મમાં તેને જે ભૂમિકા સોંપવામાંઆવી હતી તે ખુબ યાદગાર રહી હતી. કયા પ્રકારના યુવક સાથે તે લગ્ન કરવા ઇચ્છુક છે તે અંગે પુછવામાં આવતા આલિયાએ કહ્યું હતું કે પંજાબી, ગુજરાતી અને મારવાડી યુવાન પર ધ્યાન કેન્દ્રિત કરવાના બદલે તે પ્રેમને વધારે મહત્વ આપશે. હાલમાં અર્જૂન કપુર સાથે તેના સંબંધોને લઇને ભારે ચર્ચા છે. નવી ફિલ્મ ટુ સ્ટેટ્સમાં બન્નેના અનેક બોલ્ડ અને સેકસી સીન પણ ફિલ્મમાં ઉમેરવામાં આવ્યા હતા. આલિયા હમ્પટી શર્મા કી દુલ્હનિયામાં પણ સફળ રહી હતી. તેના વરૂણ ધવન સાથે સંબંધની પણ તોડાક સમય પહેલા ચર્ચા રહી હતી.

## સંસદનું બજેટ સત્ર આજથી શરૂ

નવીદિલ્હી,તા. ૨૨

રાજકીય વર્તુળોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે સંસદનુ બજેટ સત્ર આવતીકાલથી શરૂ થઇ રહ્યું છે. આ સત્ર તોફાની બની શકે છે. નરેન્દ્ર મોદી સરકાર આ બજેટ સત્ર દરમિયાન તેનુ પ્રથમ સંપૂર્ણ બજેટ રજૂ કરનાર છે. બજેટ સત્ર બે તબક્કામાં યોજાશે. સામાન્ય બજેટ નાણાં પ્રધાન અરૂણ જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરનાર છે. સંસદનુ સત્ર રિસેસ માટે ૨૦મી માર્ચે બંધ થશે. ત્યારબાદ ૨૦મી એપ્રિલે ફરી શરૂ થશે. રેલવે બજેટ ૨૬મી ફેબ્રુઆરી અને આર્થિક સર્વે આગામી દિવસે એટલે કે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરાશે. સંસદના રિસેસ ગાળા દરમિયાન સંસદીય સમિતી દ્વારા જુદા જુદા મંત્રાલયની દરખાસ્તમાં ચકાસણી કરવામાં આવનાર છે. સંસદના બજેટ સત્ર દરમિયાન મોદી સરકારને ભીંસમાં લેવાના તમામ પ્રયાસ કરી શકે છે. બીજી બાજુ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં હાર બાદ મોદી સરકાર પણ સાવધાનીપૂર્વક



આગળ વધવા ઈચ્છુક છે. સત્તામાં સાત મહિનાના ગાળા દરમિયાન સરકારે સંસદના ઉપલા ગૃહ અથવા તો રાજ્યસભામાં બહુમતિ નહી હોવાના કારણે સરકારે ૧૦ વખત વટહુકમ રૂટનો ઉપયોગ કર્યો હતો. રાજ્યસભામાં વિરોધ પક્ષ ખુબ સારી સ્થિતીમાં છે. કેન્દ્ર સરકારની આક્રમક વટહુકમ પોલીસી સામે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા પણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યા હતા. મુકર્જીએ તેના પર હસ્તાક્ષર કરતા પહેલા જમીન અધિગ્રહણ વટહુકમ અંગે અર્જેન્સી અંગે સ્પષ્ટતા કરવા ત્રણ મંત્રાલયોને આદેશ આપ્યો હતો. બજેટ સત્રમાં વિરોધ પક્ષની રણનિતીનો સામનો કરવા મોદી સરકાર પણ તૈયારી કરી ચુકી છે. સત્ર ૨૩મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૮મી મેના દિવસે પુર્ણ થશે. ગયા વર્ષે મે મહિનામાં નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવી હતી. સત્ર દરમિયાન સરકાર છ વટહુકમ ઉપર બિલ રજૂ કરી શકે છે. વટહુકમમાં કોલસા, ખાણ, ખનીજ, ઈ-રિક્શા, સિટીઝન એક્ટમાં સુધારા, જમીન અધિગ્રહણ અને વિમા સેક્ટરમાં એફડીઆઈનો સમાવેશ થાય છે. સરકાર વિમા સેક્ટરમાં વટહુકમને કાયદામાં ફેરવી નાંખવા પ્રયાસ કરી શકે છે. પરંતુ આમા દબાણ પણ રહેશે. બજેટ સત્ર દરમિયાન કેટલાક મહત્વપૂર્મ બિલ રજૂ કરવાની ઈચ્છા ધરાવે છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં હાર થયા બાદ ભાજપ સરકારને વધારે વિરોધનો સામનો કરવો પડી શકે છે. વિરોધ પક્ષો જમીન અધિગ્રહણ વટહુકમ જેવા મુદ્દા ઉપર સરકારને ભીસમાં લેવાના પ્રયાસ કરી શકે છે. ૧૬મી લોકસભાનું ચોથુ સત્ર સોમવારથી શરૂ થશે તે વખતે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી સેન્ટ્રલ હોલમાં સવારે ૧૧ વાગે એક સાથે સંસદના બંને ગૃહોને સંબોધન કરશે. સંસદીય બાબતોની કેબિનેટ સમિતિએ બજેટ સત્રના કાર્યક્રમ અંગે રાષ્ટ્રપતિને જાણ કરી હતી. નાણા મંત્રી અરુણ જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરશે. આ પહેલા ૨૭મી ફેબ્રુઆરીએ આર્થિક સર્વે રજૂ કરાશે. જ્યારે ૨૬મી ફેબ્રુઆરીએ રેલવે બજેટ રજૂ કરાશે. તેમના સંબોધન માટે રાષ્ટ્રપતિને આભાર દરખાસ્ત પર ૨૪ અને ૨૫મી ફેબ્રુઆરીએ ચર્ચા થશે.

## ૪ દિવસની હડતાળને મોકુફ કરવા બેંક કર્મીઓને સલાહ

**બેંક કર્મચારી યુનિયન ૨૫મીથી હડતાળ પર**

નવી દિલ્હી,તા. ૨૨

નાણાંપ્રધાન અરૂણ જેટલીએ ૨૫મી ફેબ્રુઆરીથી શરૂ થતી તેમની સુચિત ચાર દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળને મોકુફ કરવા માટે આજે બેંક કર્મચારીઓને અપીલ કરી હતી. કર્મચારીઓના પગાર સુધારાના પ્રશ્ને વાતચીત ચાલી રહી હોવાનો દાવો જેટલીએ કર્યો છે. પ્રધાને કહ્યુ ંહતુ ંકે બેકોએ પહેલાથી તેમના યુનિયનો અને એસોસિએશન સાથે વાતચીત શરૂ કરી છે. સાનુકુળ માહોલમાં વાતચીત ચાલી રહી છે. જાહેર ક્ષેત્રની બેકના કર્મચારી યુનિયન દ્વારા ૨૫મી ફેબ્રુઆરીથી દેશવ્યાપી હડતાળની હાકલ કરી છે. એક નિવેદનમાં જેટલીએ હડતાળમાં ભાગ લઇને આંદોલનના માર્ગ પર આગળ ન વધવા પીએસબીના તમામ કર્મચારીઓ અને તેમના યુનિયો તેમજ એસોસિએશનને અપીલ કરી હતી. જેટલીએ કહ્યુ ંહતું કે સુચિત હડતાળમાં ભાગ લેવાની બાબત હાલમાં દેશના હિતમાં નથી. અગાઉ યુનાઇટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના કન્વીનર એમવી મુરલીએ કહ્યું હતું કે બેંકોએ તેમના ખાતામાં ૧૫ ટકાના વધારાની વાત કરી છે. દરમિયાન નેશનલ ઓર્ગેનાઇઝેશન ઓફ બેંક વર્કર્સના જનરલ સેક્રેટરી અશ્વિની રાણાએ કહ્યું છે કે બેંક કર્મચારી યુનિયનો ૨૫મી ફેબ્રુઆરીથી ચાર દિવસની હડતાળ પર ઉતરવાનો નિર્ણય સર્વસમતિથી કરી ચુક્યા છે.

## ટ્યુરિઝમને પ્રોત્સાહન આપવા એલટીસી નિયમ હળવા કરાશે

નવી દિલ્હી,તા. ૨૨

ટ્યુરિઝમ સેક્ટરને પ્રોત્સાહન આપવાના હેતુસર વર્ષ ૨૦૧૫-૧૬ માટેના બજેટમાં એલટીએ અને એલટીસીના ક્ષેત્રને વધુ વિસ્તૃત કરવામાં આવે તેવી શક્યતા છે. હોટલ અને અન્ય ખર્ચને પણ સામેલ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ટેક્સ બેનિફિટના હેતુસર પ્રવાસ ઉપરાંત હોટલ અને અન્ય ખર્ચનો સમાવેશ કરીને એલટીએના ક્ષેત્રને લંબાવવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ નાણામંત્રાલય દ્વારા દર વર્ષે કર્મચારીઓને લીવ ટ્રાવેલ કન્સેશન (એલટીસી) અને લીવ ટ્રાવેલ્સ એલાઉન્સ (એલટીએ)ને મંજુરી આપવાની દરખાસ્ત ઉપર વિચારણા કરી રહી છે. હાલમાં ચાર વર્ષના બ્લોકમાં બે વખત વર્તમાન પ્રથા રહેલી છે. હાલમાં એલટીએ અથવા તો એલટીસી માત્ર ઈકોનોમિ ક્લાસ વિમાની પ્રવાસ અથવા તો ફર્સ્ટક્લાસ એસી ક્લાસ રેલવે ભાડાને આવરી લે છે. આ સંદર્ભમાં બજેટમાં જાહેરાત કરવામાં આવી શકે છે. ૨૮મી ફેબ્રુઆરીના દિવસે નાણાપ્રધાન અરુણ જેટલી બજેટ રજૂ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલાથી જ ટ્યુરિઝમને પ્રોત્સાહન આપવાની વાત કરી ચુક્યા છે. આવી સ્થિતિમાં બજેટમાં એલટીએ અને એલટીસીના સ્કોપને વધારીને પ્રોત્સાહન આપવામાં આવી શકે છે. નિષ્ણાતોનો અભિપ્રાય છે કે, ટ્યુરિઝમ સેક્ટરને પ્રોત્સાહન આપવાથી જુદા જુદા પ્રદેશોના વિકાસને પ્રોત્સાહન મળશે. સાથે સાથે રોજગારીની તકો પણ સર્જાશે. સ્થાનિક પ્રવાસને પ્રોત્સાહન આપવા કેટલીક રાહતો પણ જારી થશે જેના ભાગરુપે વ્યક્તિગતોને કેટલીક ટેક્સ રાહતો પણ મળી શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, દર નાણાંકીય વર્ષ માટે એક યાત્રામાં છુટછાટ વધારીવી જોઈએ. હોટલમાં રોકાણ માટે પણ ટેક્સ રાહતો ઉપલબ્ધ થાય તે જરૂરી છે. આમા પરિવારને મદદરુપ થાય તેવો હેતુ રહેલો છે. ભારતમાં ટ્યુરિઝમ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે ઘણો અવકાશ રહેલો છે.

## મિસ્ટર ઈન્ડિયાની સિક્વલ બનાવવા તૈયારી શરૂ કરાઈ

મુંબઈ,તા. ૨૨

વર્ષ ૧૯૯૦ના દશકમાં ધુમ મચાવી ચુકેલી અને તમામ લોકોને ખુબ પસંદ પડી ચુકેલી ફિલ્મ મિસ્ટર ઈન્ડિયાની સિક્વલ ફિલ્મના નિર્માણને લઈને છેલ્લા કેટલાક સમયથી ભારે સસ્પેન્સની સ્થિતી છે. આ ફિલ્મમાં પણ અનિલ કપુર મુખ્ય ભૂમિકા અદા કરે તેવી શક્યતા છે. ફિલ્મમાં આ વખતે અનિલ કપુરની સાથે સાથે સલમાન ખાન અને અર્જૂન કપુર પણ ભૂમિકા અદા કરે તેવી શક્યતા છે. ટુંક સમયમાં ફિલ્મના અન્ય કલાકારોની પસંદગી કરવામાં આવનાર છે. ઓરિજિનલ ફિલ્મમાં મિસ્ટર ઈન્ડિયાની મુખ્ય ભૂમિકા અનિલ કપુરે અદા કરી હતી. અનિલ કપુરે હાલમાં જ કહ્યું હતું કે સિક્વલ પર અમે ટુંક સમયમાં કામ શરૂ કરીશુ. વર્ષ ૧૯૮૭માં અનિલ કપુરના ભાઈ બોની કપુરે આ ફિલ્મ બનાવી હતી. મોટા લોકોને જ નહી બલ્કે બાળકોને આ ફિલ્મ ખુબ પસંદ પડી હતી. આ ફિલ્મમાં અનિલ કપુર ઉપરાંત, શ્રીદેવી અને અમરીશ પુરીએ મુખ્ય ભૂમિકા અદા કરી હતી.

આ અંગે પુછવામાં આવતા અનિલ કપુરે કહ્યું હતું કે તે સિક્વલ ફિલ્મમાં ચોક્કસ પણે કામ કરવાની ઈચ્છા ધરાવે છે. ફિલ્મની સિક્વલ તેના વગર કઈ રીતે બની શકે છે. આ ફિલ્મનુ નિર્દેશન શેખર કપુરે કર્યું હતું. આ ફિલ્મમાં અમરીશ પુરી દ્વારા અદા કરવામાં આવેલી મોગેમ્બોની ભૂમિકા આજે પણ જીવંત છે. એવુ પણ જાણવા મળ્યું છે કે આ ફિલ્મમાં અનિલ કપુર ઉપરાંત સલમાન ખાન અને અર્જૂન કપુર પણ કામ કરનાર છે.

## પેન્શનરો માટે તબીબી લાભ ઉપર EPFO ની વિચારણા

નવીદિલ્હી, તા. ૨૨

રિટાયર્ડમેન્ટ ફંડ બોડી ઈપીએફઓ એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન મારફતે તેની પેન્શન સ્કીમ હેઠળ તબીબી લાભ આપવા માટે સક્રિય વિચારણા કરી રહી છે. પેન્શનરોને તબીબી લાભ મળે તેનો મુખ્ય હેતુ રહેલો છે.

આ હિલચાલથી આશરે ૪૬ લાખ પેન્શનરોને સીધો ફાયદો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન પેન્શન એન્ડ ઈડીએલઆઈ ઈમ્પ્લેમેશન કમિટિએ હાલમાં જ તેની બેઠકમાં કહ્યું હતું કે, પેન્શનરોને તબીબી લાભની સુવિધા મળે તે જરૂરી છે. મેડિકલ લાભ વધારાના લાભ તરીકે છે. આના માટેની ભલામણ કરવામાં આવી હતી. ૩૦મી જાન્યુઆરીના દિવસે આ બેઠક મળી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, નિવૃત્ત થયેલા સરકારી કર્મચારીને સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સર્વિસ હેઠળ મેડિકલ લાભ આપવામાં આવે તે જરૂરી છે. હવે અનઓર્ગેનાઈઝ્ડ વર્કરોને પણ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વિમા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે પરંતુ ઈપીએફઓના પેન્શનરોને આ સુવિધા મળતી નથી. આના ઉપર ટૂંકમાં જ નિર્ણય લેવાશે. હવે સીબીટીની આગામી બેઠકમાં આ દરખાસ્ત ઉપર વિચારણા થશે. પેન્શનરોને મેડિકલ લાભ આપવાની દરખાસ્ત ઉપર વિચારણા કર્યા બાદ સીબીટી આ દરખાસ્તને વધુ વિચારણા અને મંજુરી માટે શ્રમ મંત્રાલયને મોકલશે. આ હેતુ માટે ઈડીએલઆઈમાં વધારાના ફંડનો ઉપયોગ કરવા માટે સરકાર જરૂરી સુધારા પણ કરી શકે છે. કમિટિ ઈચ્છે છે કે, મેડિકલ સુવિધાઓ જે પેન્શનરોને આપવામાં આવે તે મફતમાં હોવી જોઈએ. આ હેતુ માટે ઈડીએલઆઈ ફંડનો ઉપયોગ કરવામાં આવી શકે છે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે, જો ઈપીએફઓ તેના પેન્શનરોને આરોગ્યના લાભ આપવા માટે ઈએસઆઈસીની પસંદગી કરશે તો તેઓ ઈએસઆઈસી હોસ્પિટલની ઓપીડી સેવાનો ઉપયોગ કરી શકશે.

## સમાચાર ઝલક

- ગાંધીનગરના સંસદસભ્યશ્રી એલ.કે. અડવાણીની દાંમ્પત્યજીવનની સુવર્ણ જયંતિ ઉજવાઈ. અનેક મહાનુભાવોએ શુભેચ્છાઓ પાઠવી.
- અમદાવાદમાં ૫૦ ગુના કરનારો રીઢો ગુનેગાર દાણી લીમડામાંથી ઝડપાયો.
- દ્વારકાના ડેપ્યુટી કલેક્ટર અને મામલતદાર લાંચ લેતા ઝડપાયા.
- કચ્છમાં બોટમાં રસોઈ કરતાં ૩ માછીમારો દાઝયા. હોસ્પિટલમાં સારવાર હેઠળ.
- ગીર-સોમનાથમાં આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ. મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો.
- પાસપોર્ટ માટે વેરીફીકેશન માટે મહિલાઓને પોલીસ સ્ટેશને નહિ બોલાવવામાં આવે.
- ગુજરાતમાં વેટના ૧૦ હજાર કેસો કાયદાકીય ગૂંચવણમાં.
- પાકિસ્તાનીઓએ કાઢયો ક્રિકેટ ટીમનો જનાજો.
- ગુજરાતથી દરિયાઈ માર્ગે રૂની આયાત કરમુક્ત કરવા માંગ.
- ફેસબુક પર વિરાટના ફોલોઅર્સની સંખ્યા બે કરોડને પાર!

**નોંધાયેલી કંપનીઓ ૧૨૦૯ થઇ**

## જાપાની કંપનીઓની સંખ્યા ૧૩ ટકા વધી

નવીદિલ્હી, તા. ૨૨

વેપાર કરવાની પ્રક્રિયાને મોદી સરકારે વધુ સરળ બનાવી દીધા બાદ ભારતમાં જાપાની કંપનીઓની સંખ્યામાં છેલ્લા એક વર્ષમાં ૧૩૭ સુધી વધારો થયો છે. અગાઉના વર્ષની સરખામણીમાં તેમાં ૧૩ ટકાનો વધારો થયો છે. ભારતમાં નોંધાયેલી જાપાની કંપનીઓની કુલ સંખ્યા હવે ૧૨૦૯ થઇ ગઇ છે જે ઓક્ટોબર ૨૦૧૩માં ૧૦૭૨ હતી. સત્તાવાર આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. ભારતમાં જાપાની કંપનીઓની સંખ્યા ૨૦૧૯ સુધી ૨૦૦૦ સુધી લઇ જવાની યોજના છે. જાપાન વડાપ્રધાન નેરન્દ્ર મોદીના ફેવરિટ સ્થળ પૈકીના છે. જાપાની કંપનીઓ માટે મોદી સરકાર શ્રેણીબદ્ધ રાહતો આપી રહી છે. મોદી જાપાનની યાત્રા પણ કરી ચુક્યા છે. જાપાની કંપનીઓને કારોબાર કરવા ઝડપથી મંજુરી મળી રહી છે. યાત્રા દરમિયાન જાપાની વડાપ્રધાન સિન્જોએ કહ્યું હતું કે, રોકાણ ૩.૫ ટ્રિલિયન યેન સુધી રહેશે.

## રેલવે બજેટમાં ૧૦૦ કરતા ઓછી ટ્રેનને મંજુરી મળશે

નવી દિલ્હી,તા. ૨૨

રેલવે પ્રધાન સુરેશ પ્રભુ નાણાંકીય કટોકટી વચ્ચે ૨૬મી ફેબ્રુઆરીના દિવસે રેલવે બજેટ રજૂકરનાર છે. રેલવે બજેટમાં આ વખતે પ્રભુ હમેંશની જેમ ૧૦૦ કરતા વધારે ટ્રેનોની જાહેરાત કરશે નહી. આ બજેટમાં ૧૦૦ કરતા ઓછી ટ્રેન જાહેર કરવાની હિલચાલ ચાલી રહી છે. દર વર્ષે સામાન્ય બજેટમાં ૧૦૦ કરતા વધારે ટ્રેન જાહેર કરવામાં આવે છે. જુદા જુદા રાજ્યો તરફથી કરવામાં આવેલી માંગ છતાં તેમની માંગ તરફ આ વખતે વધારે ધ્યાન નહી અપાય તેવી શક્યતા છે. સુરેશ પ્રભુને સુધારા તરફી તરીકે ગણવામાં આવે છે. તેઓ વિવિધ રાજ્યો તરફથી માંગ કરવામાં આવી હોવા છતાં વધુ રેલવે પ્રોજેક્ટની જાહેરાત કરે તેવી શક્યતા ઓછી છે. કારણ કે ફંડના અભાવના કારણે વર્ષોથી કેટલાક પ્રોજેક્ટો અટવાયેલા છે. સામાન્ય રીતે દર વર્ષે રેલવે બજેટમાં ૧૫૦થી ૧૮૦ નવી ટ્રેન જાહેર કરવામાં આવે છે. ગયા વર્ષે આશરે ૧૬૦ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી હતી. સુત્રોએ કહ્યું છે કે પ્રભુ તેમના પ્રથમ બજેટમાં વધારે ટ્રેનોની જાહેરાત નહી કરીને અલગ અભિગમ અપનાવે તેવી શક્યતા છે. દરખાસ્ત મુજબ આ વખતે ટ્રેનોમાં જાહેરાત પણ મુકવામાં આવી શકે છે. કેટલાક લોકપ્રિય બ્રાન્ડની જાહેરાત ટ્રેનમાં મુકવામાં આવનાર છે. જેની જાહેરાત બજેટમાં કરવામાં આવશે. વધારે અનરીઝર્વ ટ્રેનો માટે પણ નવી દરખાસ્ત આવી શકે છે. બિહારમાં વિધાનસભાની ચૂંટણી ટુંક સમયમાં યોજાનાર છે. જેથી બિહાર માટે કેટલીક ટ્રેનોની જાહેરાત કરવામાં આવી શકે છે. ઉપરાંત ઉત્તરપૂર્વના રાજ્યો માટે પણ ટ્રેન જાહેર કરવામાં આવી શકે છે. પ્રાદેસિક સમતુલા જાળવી રાખવા માટે પ્રયાસ કરવામાં આવી શકે છે.